

## વડાગામમાં ખુલ્લી ગટરોથી વાહનચાલકો ત્રસ્ત

વડાગામના સ્ટેશન વિસ્તારમાં અમદાવાદ તરફના સ્ટેટ હાઈવે નજીક આશરે ૧ કિમી લાંબી ગટરલાઈન રોડને સમાંતર બનાવવામાં આવેલ છે. આ ગટરલાઈન વડે વરસાદી પાણીનો માઝુમ નદીમાં નિકાલ કરવામાં આવે છે. લાખો રૂપિયાના ખર્ચે બનાવેલી આ ગટર લાઈનમાં પાંચ-સાત ઠેકાણે ઢાંકણા ખુલ્લા હોવાને કારણે ઘણા વાહનચાલકો નાના-મોટા અકસ્માતનો ભોગ બની રહ્યા છે. પરંતુ તંત્ર દ્વારા તેના સમારકામ માટે કોઈ જ પ્રકારના પગલા લેવાતા નથી. આ ખુલ્લી ગટરના કારણએ કોઈ મોટી મુશ્કેલી કે જાનહાનિ સર્જાય તે પહેલાં સત્વરે પગલાં લેવાય તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# મોડાસાના લીંભોઈ ગામની અપહ્યુત બાળકીનો મૃતદેહ મળી આવતા ગામમાં અરેરાટી

મોડાસા, તા. ૧

સમગ્ર ગુજરાત રાજયમાં વિવિધ શહેરો તેમજ ગામડાઓમાંથી નાની ઉંમરના બાળકોના અપહરણના તાલુકાના લીંભોઈ ગામમાંથી ૩૦મી ઓક્ટોબરે ગુરૂવારના દિવસે સાંજના ૭.૩૦ કલાકે નેહાબેન લાલાભાઈ ચૌહાણનું ફળીયામાંથી અપહરણ એસ.આઈ.જી. તેમજ મોડાસા પોલીસ સ્ટેશનની ટીમોએ સંયુક્ત તપાસ હાથ ધરતા આ બાળકનો મૃતદેહ કુવામાંથી મળી આવ્યો હતો. અપાવવાના બહાને અપહરણ કરી ગયો હતો. અને એકાદ કલાક સુધી બાળકીને અવાવરૂ જગ્યાએ ફેરવીને સીમમાં ચીચણો જતા રોડ પર આવેલ અદાવતમાં આવો કરૂણ અંજા આપ્યો હોવાનું જણાવી રહ્યો છે. બાળકીના મૃત્યુની વધુ જાણકારી માટે તેમજ નક્કર સ્થિતિ સ્પષ્ટ થાય



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, જય અમીન, મોડાસા)

કિસ્સા થોડાક દિવસોથી બહુ જોવા મળી રહ્યા છે. અને આવો જ એક કિસ્સો જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઈ ગામની ૮ વર્ષની બાળાના અપહરણ બાદ અવાવરૂ કુવામાંથી મૃતદેહ મળી આવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા થયાની ફરીયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને આપતાં અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. મોડાસા એલ.સી.બી. પોલીસે પણ આ ઘટનાનો ઉકેલ લાવવા માટે અલગ અલગ ટીમો બનાવી લીંભોઈ ગામની સીમમાં, આજુબાજુના ખેતરોમાં તથા અવાવરૂ જગ્યાએ તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં મોડાસા પોલીસે શકમંદ આરોપીને ઝડપી પાડતાં આરોપીએ પણ સ્પષ્ટ કબુલાત કરી લીધેલ છે. આરોપી દિનેશભાઈ ઉર્ફે કાળાભાઈ મણીભાઈ વસાવા (ઉં.વ.૨૦)રહે હાલ લીંભોઈ (અમતપુરા, તા. વાઘોડીયા વડોદરા) બાળકીને ગામના ચોકમાંથી રમતી હતી ત્યારે આરોપીને બાળકી ઓળખતી હોવાથી ચોકલેટ અવાવરૂ કુવામાં નાખી દેધીલ હતી. પકડાયેલ આરોપી સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને અપહરણ કરવાના ગુનામાં તેમજ ખુનની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરેલ છે.

વધુમાં આરોપીએ જણાવેલ કે એક માસ અગાઉ મરણ જનાર બાળકી નેહાના પિતા જોડે રાત્રે કોઈ બાબતે બોલાચાલી થતાં એની અંગત તે માટે બાળકીના મૃતદેહનો પી.એમ. માટે મોકલી આપવામાં આવેલ છે. આ અધમ આરોપીએ આવી માસુમ બાળકી જોડે શારીરિક અડપલા કે બળાત્કાર તો નહિ કર્યો હોય ને તે જાણવા માટે પોલીસ પણ પી.એમ. રીપોર્ટની માહિતી બહાર આવે પછી જ સ્થિતિ સ્પષ્ટ થાય તેવું જણાવે છે.

# દારૂની બદી સામે પ્રાંતિજના મૌછા ગામની મહિલાઓ રણે ચઢી

## લગભગ ૩૫૦થી વધુ મહિલાઓએ ગામમાં દારૂનો વેપલો બંધ કરાવવા રેલી કાઢી : મહિલાઓએ પોલીસનો પણ ઉધડો લીધો

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ મૌછા ગામે દારૂની બદીને નાથવા ગામની મહિલાઓએ કમર કસી હતી અને રેલી કાઢી ગ્રામજનો અને પોલીસની આંખો ખોલવા પ્રયત્ન કર્યો હતો

મૌછા ગામમાં દેશી દારૂનો વપલો બેરોકટોક મોટા પાયે ફાલ્યો છે જેના કારણે ગામનું યુવાધન નશાના રવાડે ચઢી બરબાદ થઈ રહ્યું છે અને બેકારીની ગર્તામાં ધકેલાઈ રહ્યું છે આ બદીએ હદથી વધારે માઝા મૂકતા ગામની મહિલાઓએ ભેગા થઈને સહીઓ કરી રેલી યોજી હતી. મહિલાઓની રેલી અંગે જાણ થતાં પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યારે રણચંડી બનેલી મહિલાઓએ પોલીસનો ઉધડો લીધો હતો અને દારૂડિયાના નશામાં જાહેરમાં મહિલાઓની છેડતી કરે છે ત્યારે પોલીસ ક્યાં જાય છે? જેવા સવાલોથી પોલીસની બોલતી બંધ કરી દીધી હતી. લગભગ ૩૫૦થી પણ વધુ મહિલાઓની આ રેલી દ્વારા ગામની મહિલાઓએ ગામમાં ધમધમી રહેલા દારૂના અડ્ડાઓને કારણે યુવાનો સહિત વડીલો પણ દારૂના રવાડે ચઢી જીવન વેડફી રહ્યા છે તેથી પોતાની લાજ અને સંસાર બચાવવા રણે ચઢી હતી. આ રેલીના કારણે દારૂનો વેપલો કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### ભિલોડા તાલુકાના ગંભીરપુરા ફાયરીંગ બટ વિસ્તારમાં

# પોલીસ વાન રીવર્સ આવતા બાઈક ચાલક પોલીસ જવાનનું મોત નિપજ્યું

ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલા પોલીસ વાન નંબર. જી.જે.૯. જી.૪૯૦ ના ડ્રાઈવર ગફુરભાઈ દેસાઈએ વાનના સ્ટેરીંગ ઉપરનો કાબુ આવતા હતા ત્યારે પોલીસ વાન રીવર્સમાં આવતા પોલીસ જવાન રમણભાઈ બળેવાનું કરૂણ મોત



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ગંભીરપુરા ગામ પાસે ગંભીરપુરા ફાયરીંગ બટ વિસ્તારમાં પોલીસ વાન રીવર્સ આવતા બાઈક ચાલક પોલીસ જવાનનું કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ આજે વહેલી સવારે સરકારી એકાએક ગુમાવી બેસતાં વાન રીવર્સમાં આવતા મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાન ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામના રમણભાઈ ધુળાભાઈ બળેવા બજાજ પ્લેટીના બાઈક નંબર. જી.જે.૯. સી.ઈ.૩૪૮૩ ઉપર ગંભીરપુરા ફાયરીંગ બટ વિસ્તારમાં નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ.મોડાસા એ.એચ.પરમારએ પોલીસ વાન સરકારી ગાડીના ડ્રાઈવર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા સરદાર પટેલની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે આ દિવસે દેશના વડા પ્રધાન ઈન્દિરા ગાંધીનો નિર્વાણ દિન હોઈ તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. ૩૧ મી ઓકટોમ્બરે સમગ્ર દેશમાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ભાવાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારે ડીસા ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા સાંઈબાબા મંદિર આગળ આવેલ સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર પહેરાવી ભાવાંજલી અર્પણ કરવામાં આવી હતી. જ્યારે આ દિવસે દેશના વડા વપ્રધાન ઈન્દિરા ગાંધીનો નિર્વાણ દિન હોય નગરપાલિકા કમ્પાઉન્ડની બાજુમાં આવેલ ઈન્દિરા ગાંધીની પ્રતિમાને સુત્તરની આંટી પહેરાવી ભાવભરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

# મહેસાણા હાઈવે પર ટેન્કરની ટક્કરથી સ્કૂટર પર સવાર માતા-પુત્રનું કરૂણ મોત

મહેસાણા, તા. ૧

મહેસાણા નજીક અમદાવાદ તરફના હાઈવે પર સવારના સમયે ટેન્કરે એક સ્કૂટરને ટક્કર મારતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં માતા-પુત્રનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે પિતા અને બીજા માસુમ પુત્રને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના જેતપુર ગામના પંકજભાઈ બાબુભાઈ પટેલ ધંધાર્થે અમદાવાદ સ્થાયી થયેલ હોઈ દિવાળીના તહેવારોમાં વતનમાં આવ્યા હતા. પંકજભાઈ તેમના પરિવાર સાથે પીંઢારપુરા ગામે શ્વસુર ગૃહે દિવાળી નિમિત્તે મળીને પરત અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે મહેસાણા નજીક સુખપરડા ગામના પાટીયા પાસે એક ટેન્કરે તેમના સ્કૂટરને અડફેટે લેતા તેમના પત્નિ યોગિતાબેન (ઉં.વ.૩૨) અને પુત્ર દક્ષ (ઉં.વ.૮) નું ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં પંકજભાઈ અને તેમના બીજા માસુમ પુત્ર કર્મ (ઉં.વ. દોઢ વર્ષ) ને પણ શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે મહેસાણા લાયન્સ જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે ટેન્કર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં પ્રેમીના હુમલાથી ઘાયલ પ્રેમિકાનું સારવાર દરમિયાન મૃત્યુ

પાલનપુર, તા.૧

પાલનપુર હાઈવે પર આવેલ ચાણકયપુરી સોસાયટીમાં ગુરુવારે મોડી સાંજે એક ભાન ભુલેલા પ્રેમી યુવકે તેની પ્રેમિકાના લગ્ન અન્ય સ્થળે નક્કી થઈ જતાં ભાવાવેશમાં આવી પ્રેમિકાને આડેધડ ગુપ્તી છરાના ઘા માર્યા હતા. આ ઘટનામાં આ યુવકે પોતાને તથા યુવતીને બચાવવા આવેલ તેની માતાને પણ ઈજાઓ પહોંચાડી હતી. ઘાયલ યુવતીને સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવી હતી ત્યાં ગંભીર ઈજાઓના કારણે તેણીનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. આ ઘટનાનો આરોપી વડગામ તાલુકાના ધનાલી ગામનો હરેશ વિરાભાઈ રાવળ પણ ગંભીર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

## ખેડબ્રહ્મામાં તુલસી વિવાહનું આયોજન

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ ગાયત્રી પરિવાર તથા ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. ડાકોર મંદિર દ્વારા સોમવારે યોજાનાર તુલસી વિવાહ ઉત્સવમાં લાલજી ભગવાનના યજમાન તરીકે ચોબે ભગવતીબેન ચંદુલાલ તથા તુલસી માતાના યજમાન તરીકે સોલંકી ભાવનાબા વિક્રમસિંહ ધર્મ લાભ લેશે. આ પ્રસંગે ગ્રહશાંતિ-પીઠી લગ્નગીત, રાસગરબા, ગણેશ સ્થાપન તથા શોભાયાત્રા સહીતના પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે. ગોરજ સમયે ભગવાન અને તુલસી માતાના શાસ્ત્રોક્ત વિધિ અનુસાર લગ્ન કરાવાશે. આ પ્રસંગનો લ્હાવો તથા દર્શનનો લાભ લઈ માતાજીને કન્યાદાન કરી ભક્તો ધન્યતા અનુભવશે. તુલસી વિવાહને સફળ બનાવવા માટે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ - ઉત્સવ સમિતિના સભ્યો - ગોપી મંડળની બહેનો તથા મંદિરમાં પુંજારી જસવંતલાલ પંડ્યા જહેમત ઉઠાવી રહ્યા છે.

## ઈલેક્ટ્રીક સુપરવાઈઝર પરીક્ષા આ જ મહિનામાં

અમદાવાદ, તા.૦૧

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ આવેલ સચિવ લાયસન્સીંગ બોર્ડ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર દ્વારા રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ કેન્દ્રો ખાતે નવેમ્બર-૨૦૧૪માં તા. ૭ અને ૮મીએ લેવાનાર ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝરની લેખીત તથા મૌખિક પરીક્ષામાં બેસનાર ઉમેદવારોના રોલ નંબર આ ખાતાની વેબસાઈટ http:/ceiced.gujarat.gov.in પર જોવા મળશે, એમ અખબારી યાદીમાં જણાવાયું છે.



ડીસા શહેરમાં મોહરમ નિમિત્તે નિકળનાર તાજીયા ઝુલુસ દરમ્યાન શહેરમાં શાંતિ અને ભાઈચારાનો માહોલ જળવાઈ રહે તે માટે દક્ષિણ પોલીસમથક ખાતે એસડીએમ દિગંત બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે મોહરમ પર્વ નિમિત્તે શહેરમાં સફાઈ, રખડતી ગાયોનો પ્રશ્ન, ટ્રાફીકની સમસ્યા હલ કરવા નગરપાલિકા અને પોલીસતંત્રને તાકીદ કરવામાં આવી હતી. મોહરમના પર્વ પ્રસંગે શહેરમાં કોમી એખલાસ, ભાઈચારો અને પરસ્પર સદભાવની લાગણી જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રસીદભાઈ ઠેકેદાર, લચ્છુભાઈ અગ્રવાલ, સુરેશભાઈ ગુપ્તા, ફકીર મહમંદ, સરફરાજભાઈ, કીરીટભાઈ ઠાકોર અને મહીલા અગ્રણી રંજનબેન ખત્રી સહીત હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાંતિલાલ લોધા)

### ભિલોડા તાલુકાના વેજપુર ગામના ભુવા વિધિનું કામ કરતા સગાં ભાઈએ

# વહેમ રાખી પોતાના ભાઈને ગળા પર અને કપાળના ભાગે કુહાડી મારતા ચકચાર

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં ભુવા વિધિનું કામ કરતા સગાં ભાઈએ વહેમ રાખી પોતાના ભાઈને ગળા ઉપર અને કપાળના ભાગે કુહાડી મારતા ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.સરસ્વતીબેન બલાતના જણાવ્યા મુજબ વેજપુર ગામના સીમવિસ્તારમાં ખેતર ધરાવતા મહેશભાઈ મોડીયા કપાસના ખેતરમાં ભુવા વિધિ જેવું કામ કરતો હતો. મહેશભાઈએ કાંતીભાઈ મોડીયાની ભુવા વિધિ કરી હેરાન-પરેશાન કરે છે તેવો વહેમ રાખી વહેમ બાબતે અદાવત રાખી કુહાડી કાંતીભાઈના ગળા ઉપર અને કપાળના ભાગે કુહાડી વડે જીવલેણ ઘા મારી ગંભીર રીતે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશીષ કરતાં ચકચાર મચી જવા પામી છે. જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ છે. સુરેશભાઈ નિનામાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦